મહત્વાકાંક્ષા એ એક પ્રકારનું એવું રસપાન છે કોઇકને તારે છે તો કોઇકને ડૂબાડે છે
- ધૂમકેતુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૩૬ ૨૫ જુલાઇ ૨૦૧૨, બુધવાર, શ્રાવણ સુદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગુડા દ્વારા વિવેકાનંદ વૃક્ષસાથી યોજના

## ગાંધીનગર શહેરના જન્મદિનથી નવતર પર્યાવરણલક્ષી યોજના આરંભાશે : ગુડા વિસ્તારને હરિયાળો બનાવાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ ગાંધીનગર શહેરના જન્મદિને સ્વામી વિવેકાનંદ વૃક્ષ સાથી યોજના અમલીકરણ સાથે નવતર અભિગમથી તેની ઉજવણી કરશે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા સંતુલિત પર્યાવરણના અભિગમવાળી આ નવતર અભિગમ ધરાવતી યોજનામાં ગુડા વિસ્તારના રહીશોને સીધા ભાગીદાર બનાવશે એટલું જ નહિ આ માટે ગુડાની કચેરીમાં એક નવો અભિગમ પણ શરૂ કરશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ નવતર યોજના અંતર્ગત ગુડા તેના વિસ્તારને હરિયાળો બનાવશે એટલું જ નહિ પણ ગાંધીનગર ગ્રીનસીટી બની રહે તે પણ જોવાશે. મળતી વિગતો મુજબ સ્વામી વિવેકાનંદ વૃક્ષ સાથી યોજના અંતર્ગત વૃક્ષ ઉછેરની પ્રવૃત્તિને વધુ પ્રોત્સાહિત કરવાનો ઉમદા હેતુ આ સાથે વણી લેવામાં આવ્યો છે.

મળતી વિગતો મુજબ આ યોજના અંતર્ગત ગુડા વિસ્તારના રહીશને ગુડા દ્વારા વૃક્ષ ઉપરાંત તેના ઉછેર માટે ખાતર તેમજ રક્ષા માટે પિંજરૂ પુરું પાડવામાં આવનાર છે. એટલું જ નહિ આ વૃક્ષ ઉછેરને પ્રોત્સાહિત કરવા માટે યોજનાના અમલીકરણ અંગે બીજા વર્ષે અને ચોથા વર્ષે સમીક્ષા કરી અને વૃક્ષ વાલી બનનારને તેના ઉછેર માટે ટ્રોફી તેમજ પુરસ્કાર આપવાની યોજના પણ વિચારવામાં આવી છે.

ગુડાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ અંગે ગુડા દ્વારા રહીશ પાસે એક અરજી પત્રક ભરવામાં આવશે. આ અંગેના રેકર્ડની નિભાવણી પણ અલાયદી રીતે કરાશે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે વૃક્ષ ઉછેરની કાળજી લેનાર રહીશ વૃક્ષના પિંજરા પર પોતાનું અથવા તો પરિવારના સભ્યનું નામ દર્શાવતું બોર્ડ મુકી શકશે. આ ઉપરાંત જો વૃક્ષ ઉછેર માટે તેને ટ્રોફી કે પુરસ્કાર મૂલ્યાંકન માટે પ્રાપ્ત થાય તો તેની વિગતો પણ આ બોર્ડ સાથે મુકી શકશે.

ગાંધીનગર શહેરમાં વૃક્ષ ઉછેરની પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવાના

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર ખાતે માહિતી અધિકાર આયોગ દ્વારા ૩ અને ૪ ઓગષ્ટે લોક દરબાર

## જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી યોજાનાર લોક દરબારમાં એક હજારથી વધુ અરજીઓનો નિકાલ કરાશે

ગાંધીનગર, તા. ૨૪

આગામી તા. ૩ અને ૪ ઓગષ્ટ દરમ્યાન ગાંધીનગર ખાતે માહિતી અધિકાર આયોગ અને જિલ્લા તંત્રના સંયુક્ત ઉપક્રમે એક લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું છે.

સેક્ટર-૧૭માં આવેલ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે યોજાનાર આ બે દિવસીય લોક દરબારમાં જિલ્લાકક્ષાની કચેરીઓ તેમજ ખાતાના વડાની કચેરીઓ અને સચિવાલય કક્ષાએ મળેલ અપીલની અરજીઓનો નિકાલ કરવામાં આવશે. એક હજાર કરતાં પણ વધુ અરજીઓનો નિકાલ કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં પ્રથમવાર આ પ્રકારનો લોક દરબાર યોજાઈ રહ્યો છે. જિલ્લાતંત્ર દ્વારા માહિતી અધિકાર આયોગ અંતર્ગત મળેલ અપીલોની વિગતો એકત્ર કરવામાં આવી રહી છે. વિભાગો સાથે આ માટે સંકલન પણ થઈ ચુક્યુ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ લોક દરબારમાં માહિતી અધિકાર આયોગના ત્રણેય કમિશનરશ્રીઓ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહેશે. જેમાં અરજદાર તેમજ તંત્રને સાંભળી અને તે અપીલોનો આખરી નિકાલ કરવામાં આવશે.

રાજ્યના અન્ય જિલ્લાઓમાં આવા લોકદરબારના આયોજનને સારી સફળતા મળી છે. અંતિમ ચરણમાં ગાંધીનગર ખાતે આ લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગત તા. ૧૬મી જુલાઈના રોજ માહિતી અધિકાર આયોગના કમિશનરશ્રી અરવિંદભાઈ શુક્લ સા. પણ આ સંદર્ભે જ ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે મુલાકાતે આવ્યા હતા. તેમણે જિલ્લાના તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે આ લોકદરબારના આયોજન અંગે ચર્ચા વિચારણા કરી હતી.

આ અંગેનું આયોજન આ સપ્તાહમાં આખરી કરી દેવામાં આવશે તેમ જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યું છે. જિલ્લાની વિવિધ કચેરીઓનાં ૧૦૦ જેટલી અપીલો હોવાનું અને તેનો નિકાલ પણ આ લોકદરબારમાં કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

અભિનંદન



યશેષ હર્ષવદન વૈષ્ણવ

બેંકના ૧૦૫માં સ્થાપના દિન નિમિત્તે યોજાયેલ "વિશ્વાસ, પારદર્શકતા અને ટીમ સ્પીરીટ" વિષયની નિબંધ સ્પર્ધામાં "પ્રથમ સ્થાન" મેળવવા બદલ "ટીમ ગેઝીયા"ના "કેપ્ટન"ને હૃદયપૂર્વકના અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિની શુભેચ્છાઓ....

| | | | |
|---|---|---|---|
| રવિ ગુપ્તા | દિપક વ્યાસ | મુકેશ પરમાર | મહેન્દ્રસિંહ ઝાલા |
| માલવ દિવેટીયા | રાકેશ શુક્લ | અમીત સોલંકી | મયુર વસાવડા |
| કે. ડી. મકવાણા | હેમંત કામદાર | ભાવેશ શાહ | જનક સુથાર |
| રાજ મસરાની | કેયુર નાયક | પ્રેરક વસાવડા | અર્પિત વસાવડા |






ગાંધી આશ્રમથી કોચરબ આશ્રમ સુધી અણ્ણા હજારેના સમર્થકોએ રેલી યોજી હતી.

# ઓગષ્ટના પહેલા સપ્તાહમાં નવી પાર્ટીની જાહેરાત

## વાજપેયીએ રાજધર્મ બજાવવાનો કહ્યો પણ મોદી બજાવી શક્યા નહીં મને થયું કે મારે પ્રજાધર્મ બજાવવો છે તેથી બહાર નિકળ્યો છું : કેશુભાઇ

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા. ૨૪

સુરતમાં હજારોની મેદનીને સંબોધન કરતાં પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલે કહ્યું હતું કે હું પ્રજાધર્મ બજાવવા નિકળ્યો છું. પોતાના ૮૪મા જન્મદિનની ઉજવણી તેમણે સુરતમાં કરી હતી અને ગુજરાતની પ્રજાનો સાથ માગ્યો હતો. તેઓ ઓગષ્ટના પહેલા સપ્તાહમાં નવી પાર્ટીની જાહેરાત કરશે.

તેમણે કહ્યું કે મારા સમયમાં ટેક્સ વધારે નાંખ્યો નથી. ગુજરાતની પ્રજા ઉપર માત્ર ૭૦૦૦ કરોડનો ટેક્સ આવતો હતો, તેમાંથી નર્મદા ડેમ બાંધ્યો છે.

મોંઘવારીમાં પ્રજા ખૂબ પિસાઇ રહી છે. મેં એસટીના ભાડામાં ૨૦ ટકાનો ઘટાડો કર્યો હતો. વીજળીમાં ૨૫ ટકા રાહત આપી હતી. અત્યારે તમારા ગજવામાંથી પૈસા ખેંચાઇ જાય છે. આ પૈસા ક્યાં જાય છે. આજે ૫૦ હજાર કરોડ કરતાં વધારે ટેક્સ ઉઘરાવાય છે.

કેશુભાઈએ કહ્યું હતું કે પાર્ટીએ ૨૦૦૧માં મને કહ્યું રાજીનામું આપો. મેં આપી દીધું હતું. આજે મુક્ત છું. મને કોઈ રાજીનામું આપવાનો કહેનારો નથી. મધ્યાહ્ન ભોજનમાં માત્ર ૨૦૦ ગ્રામ ભોજન મળે છે. આજે ૧૫૦ ગ્રામ મળે છે. બાળકોના મોંઢામાંથી કોળીયો ઝૂંટવી લીધો છે.

એક સમયે નરેન્દ્ર મોદીને બાજપાઈએ કહ્યું હતું કે રાજધર્મ નિભાવો, તેમને ન નિભાવ્યો, મારે હવે પ્રજાધર્મ નિભાવવો છે તેથી બહાર નિકળ્યો છું.

આપણા ટેક્સના આ ૫૦ હજાર કરોડ ક્યાં ગયા...મોદી ક્યાં બેઠાં છે. નાજૂક નમણી કાર...નેનો કાર. બંગાળમાંથી ગુજરાતમાં લાવ્યા. બંગાળની લાડી હતી. દહેજ આપવું પડે ને... ૩૩૦૦૦ કરોડ રૂપિયાનું દહેજ આપ્યું છે. તાતા કંપનીનો પ્રોજેક્ટ માત્ર ૨૦૦૦ કરોડનો છે.

તમારૂં વેટ એમને એમ રાખો. પ્રજાને રાહત આપવાની માગણી થઇ પણ ના પાડી. તિજોરીમાં ભરાતા પૈસા વેડફાઇ રહ્યાં છે. કેગના રિપોર્ટમાં ૪૫૦૦૦ કરોડનો હિસાબ મળતો નથી. કેગને જવાબ ન આપવો પડે એટલે નરેન્દ્ર મોદીએ લોકાયુક્ત નિમતા નથી. મેં લોકાયુક્ત નિમ્યા હતા. જસ્ટીસ સોનીને મૂક્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

